પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક
વેબસાઈટ : www.rbi.org.in

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

તારીખ: 03 ઓક્ટોબર 2018

## શ્રી ગણેશ સહકારી બેંક લીમીટેડ, નાશિક, મહારાષ્ટ્ર ને જારી કરેલ આરબીઆઇ ડાયરેકશન્સ આગળ 29 ડીસેમ્બર 2018 સુધી લંબાવવામાં આવ્યા

ભારતીય રિઝર્વ બેન્કે (તારીખ 27 સપ્ટેમ્બર 2018ના ડાયરેક્ટીવ ડીસીબીઆર. સીઓ. એઆઈડી.-13/12.22.435/2018-19 દ્વારા) અગાઉ શ્રી ગણેશ સહકારી બેંક લિમિટેડ, નાશિકને જારી કરેલ ડાયરેકશન્સ વધુ ત્રણ માસના સમય ગાળા માટે લંબાવેલ છે. આ ડાયરેકશન્સ હવે, સમીક્ષાને આધીન, 29 ડીસેમ્બર 2018 સુધી વૈધ છે.

આ ડાયરેકશન્સ (નિર્દેશો), ભારતીય રિઝર્વ બેંકને બેન્કીંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (એએસીએસ)ની કલમ 35A ની પેટા કલમ (1) અંતર્ગત મળેલ સત્તાનો ઉપયોગ કરીને લગાવવામાં આવ્યા હતા. ડાયરેકશન્સ (નિર્દેશો)ની એક નકલ જાહેરજનતાના રસ ધરાવતા સભ્યોના અવલોકન માટે બેંકના મકાનમાં પ્રદર્શિત કરવામાં આવી છે.

ભારતીય રીઝર્વ બેંક દ્વારા જારી કરાયેલ ઉપરના નિર્દેશોનું અર્થઘટન રીઝર્વ બેંક દ્વારા બેંકિંગ લાયસન્સ રદ કરવા તરીકે ન કરવું જોઈએ. બેંક તેની નાણાંકીય સ્થિતિમાં સુધારો થાય ત્યાં સુધી નિયંત્રણો સાથે બેંકિંગ કારોબાર (Business) ચાલુ રાખશે. સંજોગોના આધારે રીઝર્વ બેંક આ નિર્દેશોમાં સુધારાઓ અંગે વિચારણા કરી શકે છે.

**અજીત પ્રસાદ**
સહાયક સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2018-2019/779**